ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ટ્રેક્ટર સહાયની ૨૦૪ અરજીઓ હાલ પડતર છે : કૃષિમંત્રી

## જિલ્લામાં મગફળી, કપાસના પાક માટે નોટીફાઈડ થયેલા તમામ તાલુકાઓમાં વિમાના દાવા ચુકવવા પાત્ર નથી : કૃષિમંત્રી

ગાંધીનગર, તા. ૨૨

આજે રાજ્ય વિધાનસભામાં કૃષિ, ગ્રામ્ય વિકાસ, પશપાલન, અન્ન નાગરિક પુરવઠા વિભાગ તથા સહકાર, રમત-ગમત વિભાગને લગતી પ્રશ્નોત્તરીમાં કોંગ્રેસે રાજ્ય સરકારને પાક વીમાના પ્રશ્ને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. કોંગ્રેસે ખેડૂતોના આ મુદે આક્રમકતા સાથે ઉગ્ર રજુઆતો કરી હતી. એક તબક્કે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને પ્રશ્નોત્તરીમાં આર.સી. ફળદુની વ્હારે આવી દરમ્યાનગીરી પણ કરી હતી.

**● ટ્રેક્ટર સહાયની અરજીઓ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશ પટેલે ગાંધીનગર જિલ્લામાં ટ્રેક્ટર સહાય/ સબસીડી યોજના અંતર્ગત બે વર્ષમાં મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યું છે કે ૧-૧-૧૬ થી ૩૧-૧૨-૧૬ સુધીમાં ૧૨૯૭ અને ૧-૧-૧૭ થી ૩૧-૧૨-૧૭ સુધીમાં ૧૦૫૪ અરજીઓ મળી હતી.

આ બે વર્ષના સમયગાળા દરમ્યાન ગાંધીનગર તાલુકામાંથી ૭૨૬, કલોલમાંથી ૩૩૨, માણસામાંથી ૩૭૯ અને દહેગામમાંથી



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

૯૧૪ અરજીઓ મળી કુલ ૨૩૫૧ અરજીઓ મળી હતી. જેમાં ૨૦૧૬માં ૧૨૯૭ અને ૨૦૧૭માં ૧૦૫૪ અરજીઓનો સમાવેશ થાય છે.

આ પૈકી ગાંધીનગર તાલુકામાંથી ૨૦૧૬માં ૧૩૪ તથા ૨૦૧૭માં ૧૯૯ મળી ૩૩૩ અરજીઓ, કલોલમાં ૨૦૧૬માં ૫૨ તથા ૨૦૧૭માં ૯૨ મળી ૧૪૪ અરજીઓ, માણસામાં ૨૦૧૬માં ૬૦ તથા ૨૦૧૭માં ૭૯ મળી ૧૩૯ અરજીઓ અને દહેગામ તાલુકામાં ૨૦૧૬માં ૧૭૪ તથા ૨૦૧૭માં ૨૫૮ મળી ૪૨૨ અરજીઓના અરજદારોને સબસીડી ચુકવવાના આદેશો કરી સબસીડી ચુકવવામાં આવી છે.

કૃષિમંત્રીએ અન્ય એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ૨૦૪ અરજીઓ પડતર છે. જેમાં ગાંધીનગર તાલુકાની ૫૬, કલોલની ૬૦, માણસાની ૧૫ અને દહેગામની ૭૩ અરજીઓનો સમાવેશ થાય છે.

**● અનાજના ગોડાઉન**

દહેગામના ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ગાંધીનગર જિલ્લામાં અનાજના સંગ્રહ માટે આવેલા ગોડાઉનો અંગે પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં અનાજના સંગ્રહ માટે ૯ ગોડાઉન આવેલા છે.

મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ ગોડાઉનોની સંગ્રહ શક્તિ ૪૭૦૦ મે.ટન છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૭ હજાર મે. ટન સંગ્રહશક્તિ વધારવાનું

● અનુસંધાન પાન-૭ પર



નગરમાં અનેકવિધ સેવાકીય પ્રવૃતિથી સુવાસ પથરાવતી સંસ્થા સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના રજત જયંતિ મહોત્વસ અંતર્ગત ગુરુવારે ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતેથી બપોરે શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં શોભાયાત્રા ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો તેમજ નગરજનો જોડાયા હતા. શહેરમાં છેલ્લા ૨૫ વર્ષથી અનેકવિધ સેવાકાર્યોના માધ્યમથી પ્રેરણારૂપ બનેલી સિનિયર સિટીઝન્સ કાઉન્સિલના પદાધિકારીઓ દ્વારા શોભાયાત્રા દરમિયાન વિશેષ ટેબલોને પણ જોડવામાં આવ્યા હતા. જેના માધ્યમથી શોભાયાત્રાના રૂટમાં પણ સતત સેવાકાર્યો ચાલુ રાખીને સમાજને નવી રાહ ચિંધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પુ રવિશંકર મહારાજના સુત્ર ઘસાઈને ઉજળા થવાના અભિગમને વેગ આપવાના પ્રયાસરૂપે સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ માટે વર્ષ દરમિયાન અનેકવિધ સેવાના ઉમદા કાર્યો કરવામાં આવે છે. જયારે સિનિયર સિટીઝન્સની આ સંસ્થામાં સિનિયર આગેવાનો જ આર્થિક યોગદાન પુરુ પાડી આ સેવાકાર્યોને કાર્યરત રાખે છે. આગામી તા ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ રજત જયંતિ મહાત્સવની ભવ્ય ઉજવણી અન્વયે વૈવિધ્યસભર કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

# ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મતગણતરી

## સૌથી વધુ આદરજ મોટીમાં મતદાન સૌથી ઓછુ ઝુંડાલ બેઠક પર : અડાલજ-૨ બેઠક પર પુરૂષોની સરખામણીએ મહિલા મતદારોએ વધુ મતદાન કર્યુ : પાંચ બેઠકો પર ૫૦ ટકાથી ઓછુ તો ૭ બેઠક પર ૫૦ થી ૬૦ ટકા વચ્ચે મતદાન નોંધાયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકા પંચાયતની યોજાઈ ગયેલી ચૂંટણીની મતગણતરી શુક્રવારે સવારે નવ વાગ્યે સે. ૧૫ની કોલેજ ખાતે હાથ ધરવામાં આવશે.

૩૬ બેઠકોની મતગણતરી માટે ૧૨ ટેબલ રાખવામાં આવ્યા છે. આ ચૂંટણી માટે નિમાયેલ બે ચૂંટણી અધિકારીઓ દ્વારા એ બેઠકોની ગણતરી હાથ ધરાશે. બપોરે એક વાગ્યા સુધીમાં તમામ બેઠકોના પરિણામ આવી જશે તેમ તંત્રના સૂત્રોનું કહેવું છે.

આ મતગણતરી માટે ૧૦૦ જેટલા ખાસ તાલિમ બદ્ધ કર્મચારીઓને નિયુક્ત પણ કરી દેવામાં આવ્યા છે. પહેલુ પરિણામ સાડા નવ સુધીમાં આવી જશે તેમ જાણવા મળેલ છે.

ગઈકાલે ૩૬ બેઠકો માટે યોજાયેલ મતદાનમાં ૬૩.૦૭ ટકા જેટલુ મતદાન નોંધાયુ છે જે ૨૦૧૩ની તુલનામાં ૪ ટકા ઓછુ છે. આ વખતે નવા સીમાંકનમાં પાંચ બેઠકો વધી હતી પરંતુ મતદાનની ટકાવારીમાં ઘટાડો નોંધાતાં રાજકીય ઉત્સુકતા વધી જવા પામી છે.

આ જંગમાં ૮૩ ઉમેદવારો મેદાનમાં હતા. ૨૮ બેઠકો પર ભાજપ કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હતો. આ જંગમાં જે રીતે મતદાનની ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે તે ધ્યાને લેતાં રાજકારણમાં નવાજૂનીના સંકેતો મળી રહ્યા છે.

આ જંગમાં સૌથી વધુ મતદાન આદરજ મોટી ખાતે ૮૩ ટકા અને સૌથી ઓછુ મતદાન ઝુંડાલ બેઠક માટે ૨૯ ટકા નોંધાયુ હતુ. પાંચ બેઠકો પર ૫૦ ટકાથી પણ ઓછુ મતદાન નોંધાયુ છે. સાત બેઠકો પર ૫૦ થી ૬૦ ટકાની વચ્ચે મતદાન નોંધાયુ છે.

જિલ્લાની અડાલજ-૨ બેઠક પુરૂષોની સરખામણીએ મહિલા મતદારોએ વધુ મતદાન કર્યુ હતુ. જ્યારે સૌથી ઓછી મહિલા મતદારોએ ઝુંડાલ બેઠક પર મતદાન કર્યુ છે.

૩૬ બેઠકો પર ૮૫,૬૭૪ પુરૂષ મતદારો અને ૭૭૪૫૯ મહિલા મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આ જંગમાં તાલુકાના મહારથીઓ હોવાથી સૌની નજર પરિણામો પર મંડાઈ છે. આ માટે કેટલાક આગેવાનોએ પરિણામોને લઈ શરતો પણ મારી હોવાની વાતો રાજકીય વર્તુળોમાં લઈ રહી છે.




# નરોડા-દહેગામ-રખિયાલ માર્ગને અપગ્રેડ કરવા સરકારને દરખાસ્ત કરાશે

ગાંધીનગર તા ૨૨

નરોડા દહેગામ રખિયાલ માર્ગને અપગ્રેડ કરવા માટે તંત્ર દ્વારા કેન્દ્ર સરકારને કરવામાં આવેલી દરખાસ્ત નામંજુર કરવામાં આવી છે. સી આર એફ અન્વયે માર્ગ નવિનીકરણ માટે તોતિંગ ફંડ ફાળવવાના મામલે રાજય સરકારને દરખાસ્ત કરવા સુચવાયુ છે.

ગાંધીનગર શહેરમાં હાલ માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. સેકટરોના માર્ગોને ચકાચક બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. નિયત સમયના અંતે લાંબા ગાળા બાદ સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. જયારે જિલ્લામાં પણ વિવિધ માર્ગોને અપગ્રેડ કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. અગાઉ પેથાપુર મહુડી પ્રવાસન પથનુ નવિનીકરણ કરવામાં આવ્યુ હતુ. જયારે નરોડા દહેગામ રખિયાલ માર્ગને ફોરલેન કરવા માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે તંત્ર દ્વારા સી આર એફમાંથી રકમ મંજુર કરવા દરખાસ્ત કરવામાં આવી હતી. આ કામગીરી પાછળ રૂ ૮૧ કરોડનો તોતિગ ખર્ચ થવાનો હોવાનો અંદાજ પણ મુકવામાં આવ્યો હતો. જો કે આ યોજના પાછળ તોતિંગ ખર્ચ થવાનો હોવાનુ સ્પષ્ટ થતા કેન્દ્રીય રીઝર્વ ફંડ અંતર્ગત રસ્તાના કામોમાં આ કામને મંજુરી આપવાની દરખાસ્ત પરત ફરી છે. અલબત્ત આ મામલે રાજય સરકારને દરખાસ્ત કરવા માટે પણ સુચવાયુ છે.ગાંધીનગર જિલ્લાને જોડતા મહત્વના માર્ગોની સુધારણા અન્વયે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વર્ષોના અંતે વધતા ટ્રાફિકના ભારણ તેમજ વિકાસને અનુલક્ષી માર્ગ સુધારણા તેમજ વાઈડનીંગના કામો હાથ ધરવામાં આવે છે. શહેરી વિસ્તાર સાથે જિલ્લાના વિવિધ માર્ગોને પણ અપગ્રેડ કરવામાં આવી રહયા છે.

# મહાત્મા મંદિરમાં રાત્રે આતંકવાદીઓ ઘુસી ગયા..!

## દિલ્હીથી બ્લેક કમાન્ડો-એનએસજી ટુકડીઓએ છ કલાકનાં ઓપરેશનનાં અંતે આતંકીઓને ઠાર માર્યા : ડીઝાસ્ટરની ટીમોએ મોકડ્રીલ કરી

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં આવેલા



પ્રતિકાત્મક તસવીર

મહાત્મા મંદિર કે જ્યાં છાશવારે વીવીઆઈપી મુવમેન્ટ હોય છે. આ સ્થળે ગઈકાલે મોડી સાંજે આતંકવાદીઓ ઘુસી ગયા હતા. દિલ્હીથી એન.એસ.જી.ની ટુકડીઓ બ્લેક કમાન્ડો સાથે મહાત્મા મંદિર આવી ગયા હતા અને છ કલાકના ઓપરેશનને અંતે આતંકીઓને મહાત્મા મંદિરમાં જ ઠાર માર્યા હતા. ડીઝાસ્ટરની ટીમો દ્વારા પોલીસને સાથે રાખીને વાઈરલ ઈન્સ્ટોલેશન અને સુરક્ષા-સલામતિના હેતુસર ગઈ રાત્રે આ પ્રકારની એક મોકડ્રીલનું આયોજન સફળ રીતે પાર પાડવામાં આવ્યું હતુ.

આધારભુત સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ એનએસજી દ્વારા ગઈકાલે રાત્રે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં મોકડ્રીલ યોજીને આતંકવાદીઓને ઠાર મારવાનું ઓપરેશન પાર પાડ્યુ હતુ. એનએસજી દ્વારા અગાઉ અક્ષરધામ ખાતે પણ આ પ્રકારની મોકડ્રીલ યોજી હતી. મહાત્મા મંદિર એવુ સ્થળ છે જ્યાં પ્રધાનમંત્રીથી માંડીને દેશ-વિદેશના વીવીઆઈપીની અવરજવર રહેતી હોય છે. આ સ્થળના દરેક ખુણાથી બ્લેક કમાન્ડો-એનએસજીની ટુકડીઓ વાકેફ હોય તે ખુબ જરૂરી છે. જે અંતર્ગત મહાત્મા મંદિર ખાતે એનએસજીએ મોકડ્રીલનું આયોજન કર્યુ હતુ. મહાત્મા મંદિરમાં આતંકવાદીઓ ઘુસ્યા છે અને કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાંથી ૫૫૮૦ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપશે

## બોર્ડની પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ ટુંકમાં પરીક્ષા સમિતિની બેઠક મળશે

ગાંધીનગર તા ૨૨

આગામી માર્ચ મહીનામાં ધોરણ -૧૦ અનો બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી આખરી તૈયારીમાં ગળાડુબ જોવા મળી રહયા છે. બીજીતરફ શિક્ષણતંત્રએ પણ પરીક્ષાલક્ષી તૈયારીઓને આખરી કરવા માટે ગતિવિધિઓ હાથ ધરી છે. ગાંધીનગર જિલ્લામાંથી ૫૫૮૦ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપશે. આગામી દિવસોમાં પરીક્ષાને અનુલક્ષી અધિકારીઓની મહત્વની બેઠક પણ યોજાશે.

આગામી માર્ચ મહીનામાં ધોરણ -૧૦ અન ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. જયારે બોર્ડની મહત્વની કસોટીને અનુલક્ષી માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. બાર્ડની પરીક્ષાને હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહયા હોવાથી વિદ્યાર્થીઓ પણ આખરી તબક્કાની તૈયારીમાં ગળાડુબ છે. જયારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાં વિવિધ બિલ્ડીંગોમાં પણ બેઠક વ્યવસ્થા આખરી કરવા ઉપરાંત જરૂરી તમામ આયોજનને અનુલક્ષી તંત્ર કક્ષાએ આયોજન કરવામાં આવી રહયુ છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની બાર્ડ કસોટીમાં પણ જિલ્લામાંથી ૫૫૮૦ જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે. જયારે આ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાને અનુલક્ષી ગાંધીનગર , કલોલ , માણસા અને ચાંદખેડામાં વિવિધ બિલ્ડીંગમાં બ્લોક મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેમાં ગાંધીનગરમાં ૧૭ બિલ્ડીંગના ૧૯૩ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. કલોલના ૩ બિલ્ડીંગના ૩૯ બ્લોકમાં તેમજ માણસાના ૨ બિલ્ડીંગના ૧૬ બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. પરીક્ષાના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહયા હોવાથી ટુંકમાં જ પરીક્ષા સમિતિની બેઠક મળશે. જયારે આ બેઠક દરમિયાન આખરી આયોજન પણ કરવામાં આવશે.



**બેસણું**

અમારા ભાઈશ્રી **વનરાજજી રામસંગજી ઠાકોર** તા. ૨૦/૨/૨૦૧૮ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્દગતનું બેસણું તા. ૨૩/૨/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ધોળાકુવા, મોટો ઠાકોર વાસ, તા.જી. ગાંધીનગર.મો. ૯૨૨૮૨૬૪૩૫૬**

લિ.

સ્વ. અમાજી કાળાજી ઠાકોર (મોટાબાપા)
સ્વ. રામસંગજી કાળાજી ઠાકોર (પિતા)
સ્વ. કાન્તિજી અમાજી ઠાકોર (ભાઈ)
સ્વ. જયન્તિજી રામસંગજી ઠાકોર (ભાઈ)
જોઈતાજી રામસંગજી ઠાકોર (ભાઈ)
રમેશજી રામસંગજી ઠાકોર (ભાઈ)
બાબુજી રામસંગજી ઠાકોર (ભઈ)
કનુજી રામસંગજી ઠાકોર (ભાઈ)
સુરેશજી અમાજી ઠાકોર (ભાઈ)
કિશન વનરાજજી ઠાકોર (પુત્ર)
વિષ્ણુજી રમતુજી ઠાકોર (જમાઈ)
વિક્રમજી ભલાજી ઠાકોર (જમાઈ)
કાશીબેન રાસંગજી ઠાકોર (માતા)
ગં.સ્વ.ધુળીબેન વનરાજજી ઠાકોર (ધર્મપત્નિ)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com